<u>Bi 121-OLD TESTAMENT</u>

## પાઠ : ૨૨ સમુદ્રમાંથી પાર ઉતરવુ (નિર્ગમન અધ્યાય ૧૩-૧૫)

સદીઓથી થોડા લોકો વાંચી કે લખી શકે છે. વાર્તાઓ, કાવ્યો અને ગીતો બાપદાદાઓથી બાળકોમાં અને તેનાં વંશજોમાં ઈતિહાસ સ્વરૂપે આવે છે. દરેક વર્ષે ઈસ્રાએલીઓ નર પશુનું બલિદાન પાસ્ખાપર્વ તરીકે આપે છે અને ત્યારે તેઓ મિસરની ગુલામીમાંથી અજાયબ જેવા છુટકારાની વાત પોતાનાં બાળકોને કરે છે. આજે પણ દેવનાં ઈસ્રાએલીઓ માટેનાં આ પરાક્રમની વાત યહુદી લોકોમાં કહેવામાં આવે છે. મુસાએ લોકોને કહયું કે, આ દિવસને તમે ગુલામીમાંથી અને મિસરમાંથી બહાર આવ્યા તેની યાદગીરી તરીકે ઉજવવો. કેમકે દેવે તેનાં સામર્થ્યવાન હાથથી તેઓને બહાર કાઢયા. સાત દિવસ સુધી રોટલી તમારે ખમીર વગર ખાવી. તમારા બાળકોને કહો કે દેવ ઈસ્રાએલીઓને મિસરમાંથી બહાર કાઢી લાવ્યા તેની યાદગીરીમાં આ કરવામાં આવે છે. તે રાત્રે સર્વ મનુષ્ય તથા પશુનાં પ્રથમજનીત કે જેઓ ઈસ્રાઅલીઓનાં હતા તેઓનો બચાવ થયો. તેઓ મર્યા નહિ. દેવ પ્રત્યેનાં બલિદાન દ્વારા તેઓને બચાવવામાં આવ્યા. ઘણી સદીઓ બાદ દેવ તરફથી આપવામાં આવેલા નિયમોને અનુસરતા મરીયમ તથા યુસફ પણ ઈસુને મંદિરમાં અર્પણ સાથે લાવ્યા. (લુક ૨:૨૨-૨૪)

દેવે ઈસ્રાએલીઓને રાત્રે અગ્નિ સ્તંભ અને દિવસે મેઘસ્તંભ દ્વારા દોર્યા. તે તો ઈસ્રાએલીઓ મધ્યે ઈશ્વરની હાજરીનું એક દૃશ્યમાન ચિહન હતું. દેવે તેઓને કનાન દેશમાં પૂર્વથી ચલાવ્યા નહિ પરંતુ દક્ષિણમાંનો અરણ્યનો રસ્તો કે જે લાલ સમુદ્ર તરફથી થઈને જાય છે ત્યાંથી ચલાવ્યા. જયારે તેઓ મિસરથી નિકળ્યા ત્યારે મુસાએ યુસુફનાં હાડકાં વચનનાં પ્રદેશમાં દાટવા સારુ લઈ લીધા. લોકો યુધ્ધને માટે સજજ થાય છે પણ વિજય તો યહોવા દેવ તરફથી મળે છે. દેવે મુસાને સમુદ્રની પાસે ચોકકસ જગ્યા દર્શાવીને છાવણી નાંખવા કહયું. દેવે કહયું હજુ એક વાર હું ફારૂનનું હૃદય કઠણ કરીશ અને તે તમારી પાછળ પડશે. પણ હું મહિમાવાન થઈશ અને ફારૂન તથા મિસરીઓ પણ જાણી જશે કે હું દેવ છું.

ફારૂને જોયુ કે, હિબ્રૂઓ લાલ સમુદ્ર સુધી પહોંચ્યા છે કે, જયાં તેમને પકડી શકાયતેમ છે. તેણે પોતાનાં સરદારોને કહયું, "આપણે આપણા ગુલામોને શા માટે જવા દીધા. તેઓ તો આ પણી સેવા સારુ આપણી પાસે હોવા જોઈએ." આથી તેણે ૬૦૦ ઉત્તમ રથોને તથા અન્યવધારા ના રથોની ટોળકીઓ બનાવી અને તેનું સૈન્ય ઈસ્રાએલીઓ પાછળ પડયું. ઈસ્રાએલીઓએ યુધ્ધ રથને આવતા જોઈએ મુસાને પોકારતા કહયું, " શા માટે તું અમને અહિ મરવાને સારુ લઈ આવ્યો છે ? અમે નહોતુ કહયુ કે, અમને એકલાને રહેવા દે. અરણ્યમાં મરવા કરતા મિસરીઓની સેવા કરવી તે બહેતર હતુ." મુસાએ લોકોને ઉત્તર આપ્યો, ડરો મા વિશ્વાસમાં

દૃઢ રહો અને ઈશ્વર તરફથી મળતા મહાન છુટકારાને તમે જોશો. જે મિસરીઓને આજે તમે જુઓ છો તેઓને ફરી કદી જોશો નહિ. દેવ યહોવા તમારે સારુ યુધ્ધ કરશે. માત્ર તમારે શાંત રહેવું.

ત્યાર દેવે મુસાને કહયું, "આગળ વધો તું તારી લાકડી સમુદ્ર તરફ લંબાવ જેથી સમુદ્રનાં બે ભાગ પડી જશે અને ઈસ્રાએલીઓ તેમાંની કોરી ભૂમિ પરથી થઈને સામે પાર ઉતરશે." ત્યારે મેઘસ્તંભ ઈસ્રાએલીઓની આગળથી દૂર થઈને પાછળ તરફ જઈ રહયો જેનાથી ઈસ્રાએલીઓ અને મિસરીઓનું સૈન્ય જુદા પડયા. તે સ્તંભ ત્યાં આખો દાડો અને રાત રહયો જેથી મિસરીઓ પર અંધારુ રહયુ પરંતુ ઈસ્રાએલીઓનાં સ્થળે પ્રકાશ રહેતો. દેવે આપેલી આજ્ઞા મુજબ મુસાએ સમુદ્ર તરફ પોતાનો હાથ લંબાવ્યો અને દેવે પૂર્વ તરફથી જોરદાર પવનને મોકલીને સમુદ્રને બે ભાગમાં વહેંચી કાઢયો. પાણી  રસ્તાની વચ્ચ ડાબી તથા જમણી બાજુ દિવાલ બનીને થંભી ગયા. અને વચ્ચે કોરી ભૂમિ બની. તે રાત્રે મુસા તથા ઈસ્રાએલીઓ કોરી ભૂમિ પર ચાલીને સમુદ્રને પેલ પાર ગયા. જયારે તેઓએ સમુદ્રને પાર કર્યો ત્યારે દેવે તે જ માર્ગે મિસરીઓને તેમની પાછળ પડવા દીધા. જયારે સૈન્ય સમુદ્રની મધ્યમાં હતુ ત્યારે તેઓ ભયંકર વિસામણમાં પડયા કેમકે, તેમનાં રથનાં પૈડાઓ નીકળવા લાગ્યા. મિસરી સૈન્યએ તેઓની ખતરનાક પરિસ્થિતિ જોઈ અને પોકારી ઉઠયા કે ભાગો કેમકે દેવ ઈસ્રાએલીઓને માટે લડે છે. જેવા મિસરીઓ સુરક્ષા માટે પાછા ફરવા લાગ્યા કે દેવે મુસાને કહયું, "તારો હાથ સમુદ્ર ભણી લાંબા કર." આથી મુસાએ સમુદ્ર તરફ પોતાનો હાથ લંબાવ્યો.આ સમયે પૃથ્વી પર સુરજ ઉગતો હતો. સમુદ્રની બંને દિવાલો અચાનક તૂટી જેથી મિસરીઓનું સૈન્ય, તેમના રથો તથા ઘોડે સવારો ઢંકાઈ ગયા. એક પણ બચ્યું નહિ. સામે કાંઠેથી ઈસ્રાએલીઓએ દેવનાં સામર્થ્ય ને નિહાળ્યુ. જયારે સુરજ તે સવારે પૂર્ણ રીતે ઉગ્યો ત્યારે તેઓએ મૃતકોને કાંઠા ઉપર દીઠા. જયારે ઈસ્રાએલીઓએ મિસરીઓની વિરૂધ્ધમાં દેવનાં અજાયબ સામર્થ્યને નિહાળ્યુ ત્યારે તેમણે મુસા તથા દેવ પર વિશ્વાસ કર્યો. મુસા તથા તેની બહેન મરીયમે ગીતો સાથે ઈશ્વરની આરાધના કરી. તેણીએ તથા અન્ય સ્ત્રીઓએ ખંજરી વગાડી નાંચતા ગાયુ કે, "યહોવા દેવ મારુ સામર્થ્ય તથા ગીત છે. તેણે ફારૂનનાં રથો તથા સૈન્ય સમુદ્રમાં ફેંકી દીધા. તે મારુ તારણ થયો છે. તે મારો દેવ છે અને હું તેની સ્તુતિ કરીશ. તે મારા પિતાનાં દેવ છે ને હું તેને મોટો માનીશ.

આ વાર્તા દેવનાં લોકોના બંધન તથા મરણમાંથી છોડાવવા માટેનાં સામર્થ્યને દર્શાવે છે. એ જ પ્રમાણે દેવ આજે પણ તેના વચનો પુરા કરે છે. દેવનાં લોકો માટે તેની યોજના સામે કોઈ ઉભુ રહી શકતુ નથી. આ વાતનું મુખ્ય સત્ય અ સાબિત કરે છે કે, ઈશ્વર તેનાં લોકોને ભય તથા બંધનમાંથી છોડાવે છે અને તેનાં વચનો પોતાનાં સામર્થ્યમાં દેવ પુરા કર છે.

આ પાઠનું પુનરાવર્તન કરતા નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો.

પ્ર.૧ જયાર ઈસ્રાએલીઓએ મિસરીઓ અમને મારી નાખશે તેવા ડરથી મુસાને પોકાર કર્યો ત્યારે મુસાએ તેમને શો જવાબ આપ્યો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, ડરોમાં વિશ્વાસ રાખો અને આજે દેવ તરફથી તમારા છુટકારાને તમે જોશો – તો તમે સાચા છો.

પ્ર.૨ જયારે મિસરીઓનાં સૈન્યે ઈસ્રાએલની પાછળ પડવાનું શરૂ કર્યુ ત્યારે શું બન્યું ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, અચાનક સમુદ્રની પાણીની બંને દિવાલો ઈસ્રાએલનાં સૈન્ય ઉપર ફરી વળી અને કોઈપણ બચ્યુ નહિ–તો તમે સાચા છો.

પ્ર.૩ લોકોનો મુસા પ્રત્યેનો પ્રતિભાવ કેવો હતો ?

(જ) (૬ સેકંડ માટે વિચારો) જો તમારો જવાબ છે કે, તેઓએ દેવનાં સેવક મુસા પર વિશ્વાસ કર્યો – તો તમે સાચા છો.

મુસા તથા મરીયમ દવારા મિસરીનાં સૈન્યની હારને કારણે દેવનો આભાર માનતા જે ઉજવણીનું ગીત ગાયું તેની થોડી લાઈનો મ્ખપાઠ કરો. જેમાંથી કંઈક નીચે પ્રમાણે છે :

હું યહોવાની આગળ ગાયન કરીશ,
કેમ કે તેણે મહાભારત ફતેહ મેળવી છે.
તેણે ઘોડાને તથા તેના સવારને સમુદ્રમાં ફેંકી દીધા છે.
યાહ મારું સામર્થ્ય તથા ગીત છે,
ને તે મારું તારણ થયો છે,
તે મારો દેવ છે, ને હું તેની સ્તુતિ કરીશ.